અપીલ અરજી નં.૧૪૯/ ૦૮–૦૯ તા.૩૦–૮–૦૮

અરજદારઃ શ્રી પી ડી. ચાંદલીઆ
સામાવાળાઃ આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી

***હુકમ:–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પી ડી. ચાંદલીઆની તા.ર૬–૬–૦૮ ની જાહેર માહિતી અધિકારી અને ઉપસચિવ શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ ગાંધીનગરને કરેલ અને તેમના પત્ર નં.પરચ/૮૦ર૦૦૮/ આરટીઆઈ/ર૬/પી તા.પ–૭–૦૮ ની અત્રે તબદીલ થયેલ અરજીથી મનપામાં પાણીવેરો, ડ્રેનેજ, યુઝર ચાર્જીશ અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૮–'૦૮ ના પત્રથી અપીલ અરજી નં.૧૪૯/ર૦૦૮–૦૯

શ્રી પી ડી. ચાંદલીઆની તા.ર૬–૬–૦૮ ની જાહેર માહિતી અધિકારી અને ઉપસચિવ શ.વિ. અને શ.ગૃ.નિ.વિભાગ ગાંધીનગરને કરેલ અને તેમના પત્ર નં.પરચ/૮૦ર૦૦૮/આરટીઆઈ/ર૬/પી તા.પ–૭–૦૮ નીઅત્રે તબદીલ થયેલ અરજીથી મનપામાં પાણીવેરો, ડ્રેનેજ, યુઝર ચાર્જીશ અંગે માહિતી આપવા બાબતે જવાબ ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પ૦૪ તા.પ–૯–૦૮ ના રોજ આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારીને તથા પોસ્ટકાર્ડના અનુસંધાને નિયત અપીલ ફોર્મમાં પર્યાપ્ત વિગતો ભરી મોકલી આપવા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી એઆરડી/નં.સેન્ટ્રલ સેલ/૧ર૦ તા.૮–૯–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી પૂરી પાડેલ છે. જયારે અરજદાર તરફથી નુમના 'જ' માં તા.૧૭–૯–૦૮ ના રોજ ભરેલ ફોર્મ તા.ર૦–૯–૦૮ ના રોજ અત્રે મળેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૬–૧૦–૦૮ ના રોજ પાઠવેલ પત્ર તા.૧૦–૧૦–૦૮ ના રોજ અત્રે મળેલ છે.

અરજદારની તા.ર૬–૬–૦૮ ની અરજી જાહેર માહિતી અધિકારી અને હોદ્દાની રૂએ ઉપસચિવ શ.વિ. અને શ.વિ.ગૃ.નિ.વિભાગ તરફથી તા.પ–૭–૦૮ ના રોજ મુદ્દા નં.૧૧,૧ર,૧૩,૧પ,૧૬,૧૭ અર્થે અત્રે તબદીલ થયેલ. જે તા.૧૬–૭–૦૮ ના રોજ આસી. કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. અરજદારે અત્ર ે રજૂ કરેલ અપીલ ફોર્મમાં પણ મુદ્દા નં.૧૧,૧ર,૧૩,૧પ,૧૬,૧૭ માટે અત્રે તબદીલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ તા.૬–૧ ૦–૦૮ ના રોજ અરજદારે પાઠવેલ પત્રમાં જણાવ્યા અનુસાર પત્ર ક્રમાંક નં.એઆરડી/૧ર૩ તા.૯–૯–૦૮ ના રોજ માહિતી અધિકારીએ પાઠવેલ પત્ર તા.ર૪–૯–૦૮ ના રોજ મળી જવામાં હોઈ ઉપરોકત અપીલનો અર્થ રહેતો નથી તેથી રદ બાતલ ગણવા વિનંતી તેવી રજૂઆત કરેલ છે. આ ઉપરાંત મુદ્દા નં.૧૧ થી ૧૩ કલમ–૧૪૧ એ.એ. મુજબ વોટર અને સ્યુઅરેજ ચાર્જ કેટલા ટકા જો અન્ય પધ્ધતિ હોય તો આ અંગેની ખૂટતી માહિતી આપવા રજૂઆત કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારનીતા.ર૬–૬–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોવાથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી પરંતુ અરજદારે મુદ્દા નં.૧૧ થી ૧૩ બાબતે કલમ–૧૪૧ એ.એ. આપેલ માહિતી વોટર અને સ્યુઅરેજ ચાર્જ વસુલ લેવામાં આવે છે જે માહિતી અરજદારે સવિસ્તારમાં કેટલા ટકા અથવા તો અન્ય કોઈ પધ્ધતિ હોય તેની માંગણી કરેલ છે. અરજદારની રજૂઆત મુળ અરજીથી અલાયદી પેટા માહિતી માટે જે પૂરક સ્વરૂપની હોઈ અપીલના તબકકે તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજી ધ્વારા લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) આસી.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી, ..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી પ્રદ્યુમ્ન ધીરજલાલ ચાંદલીયા,